દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

સોમવાર ૮ જૂન, ૨૦૨૬

# સુરતના નેતાઓનું લોહી ઠંડુ પડી ગયું હોય તો બંગડી પહેરી ઘરે બેસી જવું જોઇએ

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી એવા દેશના પહેલા વડાપ્રધાન છે જેમણે ગરીબોની કદર કરી છે. વડાપ્રધાને 4 કરોડ પાકાં ઘરો બનાવ્યા, 10 કરોડ શૌચાલય બનાવ્યા, 50 કરોડ ગરીબોના જનધન ખાતા ખોલ્યા, 10 કરોડ પરિવારમાં ઉજ્જવલા ગેસ જોડાણ પહોંચાડ્યા અને 80 કરોડ ગરીબોને મફતમાં રાશન પૂરું પાડ્યું છે. આ વાત 5 જૂને પીએમ મોદી સુરતમાં હતા ત્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગરીબોના ઉત્થાન માટે શરૂ કરાયેલી યોજનાઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું. તેમની વાત 100 ટકા સાચી છે કારણ કે, એક ઈંટની કિંમત શું હોય છે તે કોઇ ગરીબ જ જાણી શકે. મોદી વડાપ્રધાન નહીં હતાં તે પહેલા પોતાના ઘરનું ઘર એ દેશવાસીઓનું સપનું રહેતું હતું અને તે ક્યારેય હકીકતમાં ફેરવાતું ન હતું પરંતુ હવે તેમને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છત મળી રહી છે.

જો કે સુરતના સ્થાનિક નેતાઓ વડાપ્રધાનની કાર્યશૈલીમાંથી કોઇ જ શીખ નથી લેતા. તેઓ કોઇ શીખ નહીં લે ત્યાં સુધી તો વાંધો નથી પરંતુ તેનાથી વિપરીત કામ ચાલતું હોય તો હાથ પર હાથ મૂકીને બેસી રહે છે.

સુરતના નાસીરનગરમાં જે ઘટના બની તેવી તો કદાચ બિહારમાં લાલુરાજ હતું, યુપીમાં મુલાયમ રાજ હતું કે પશ્ચિમ બંગાળમાં મમતા રાજ હતું ત્યારે પણ ત્યાં બની ન હતી. એક સપ્તાહ પહેલા અહીં વેડ દરવાજા પાસે આવેલા વર્ષો જૂના નાસીર નગર વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત સાથે મેગા ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ડિમોલિશન સમયે વહીવટી તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની આગોતરી લેખિત નોટિસ આપ્યા વિના જ અચાનક બુલડોઝરો ઉતારી દેવામાં આવ્યા હતા, જેને કારણે સ્લમ વસાહતના 100થી વધુ પરિવારો ધોમધખતા તાપમાં ખુલ્લા આકાશ નીચે આવી ગયા છે. તે સમયે કાળઝાળ ગરમીમાં પોતાની નજર સામે આજીવિકાના આશરા સમાન ઘરોને તૂટતા જોઈને નાના બાળકો, વૃદ્ધો અને મહિલાઓ આક્રંદ કરી ઉઠ્યા હતા. પરંતુ હદ તો ત્યારે થઇ જ્યારે સુરત મહાનગર પાલિકાએ આવું કોઇ ડિમોલિશન કર્યું હોવાનો ઇનકાર કરી દીધો. તો શહેરમાં ખુલ્લેઆમ જ્યારે આવો નગ્નનાચ ચાલી રહ્યો હોય અને સુરતના નેતાઓનું લોહી ગરમ નહીં થાય તો તેમણે બંગડી પહેરીને ઘરે બેસી જવું જોઇએ. અધિકારીઓ નગરસેવકોને તો ગણકારતા જ નથી તેમના ફોન પણ ઉપાડતા નથી અને તે ઉપાડવા માટે સ્ટેન્ડિંગ ચેરમેને સૂચના આપવી પડે આનાથી મોટું લાંછન તો કયુ હોય શકે? આ સૂચના જ્યારે અપાઇ તે દિવસે જ તેમણે નાસીર નગરના ડિમોલિશનના સ્ટેટસ અને વિગતની તપાસ કરવાનો આદેશ પણ આપ્યો છે. સૌથી મોટી વાત તો એ છે કે કતારગામ ઝોનની હદમાં આવતી જગ્યા પર સેન્ટ્રલ ઝોન દ્વારા ડિમાર્કેશનની કામગીરી કેવી રીતે કરવામાં આવી?

તો બીજી તરફ ધારાસભ્યો અને પાલિકાની સંકલનમાં કતારગામ વેડ દરવાજા પાસે આવેલા નાસીરનગર સ્લમ એરિયામાં તાજેતરમાં થયેલું ડિમોલિશન મુદ્દે ધારાસભ્ય વિનુ મોરડિયાએ મનપા કમિશનર પાસે ખુલાસો માંગ્યો હતો.

મનપા તંત્ર હજુ પણ અમે ડિમોલિશન નથી કર્યું તેવું રટણ કરી રહ્યું છે, ત્યારે વિનુ મોરડિયાએ આકરા સવાલો કરતા કહ્યું કે જો મનપાની ટીમ ત્યાં માત્ર લાઇન દોરી માટે ગઈ હતી, તો તેમની નજર સામે ધોળા દિવસે જેસીબી અને હિટાચી મશીનો ચલાવવાની હિંમત કોણે કરી? આ તોડફોડ વખતે મનપાના કર્મચારીઓ અને પોલીસ કોના કહેવાથી ત્યાં હાજર હતા? હવે જો આવી રીતે પાલિકાની જાણ બહાર ડિમોલિશન થાય તે વાત માનવામાં આવે તેવી નથી પરંતુ માની લઇએ તો પણ નેતાઓ આ મામલે કેમ ચૂપ બેઠા છે.

## કથા કથન

***વીનેશ અંતાણીની નવલકથા 'બીજે ક્યાંક' (પ્ર. આ. 2010) માંથી ઝબુકિયાં રૂપે વંચાયેલાં આ કથન છે, જે તમે સ્વતંત્ર રીતે પણ વાંચી શકો છો. કૃતિ-આલેખન દરમિયાન તે ઝબકી ઊઠ્યાં છે ને વાંચો તો વિચાર મોતી સમા છે, જે તમારામાં ચિંતન ને સંવેદન જગાડે છે.***

માણસ ખસતો ખસતો ક્યાંય ચાલ્યો જાય છે - ને એને ખબર પણ હોતી નથી કે એણે શું-શું છોડી દીધું છે.

**બીજે ક્યાંક, પૃ. 14**

પ્રેમ કરવો એક વાત છે ને લગ્ન કરીને સાથે જીવવું બીજી વાત છે.

**બીજે ક્યાંક, પૃ. 73**

નાનપણમાં જાગેલા નાના-નાના અપરાધભાવો, જેનાં કોઈ કારણો હોતાં નથી, એનું મહત્ત્વ પણ હોતું નથી, છતાં મોટી ઉંમરે અચાનક મન ઉપર ચડી બેસે છે ને એવી જ લાગણી જન્મે છે જેવી વર્ષો પહેલાં જન્મી હોય છે.

**બીજે ક્યાંક, પૃ. 84**

જ્યારે સાથે હોઈએ છીએ ત્યારે અલગ જેવું લાગે છે અને - અને અમે જ્યારે અલગ જ હોઈએ છીએ ત્યારે તો અલગ જ હોઈએ છીએ! કારણ કશું જ નહીં... માત્ર વચ્ચે વિતેલાં લાંબાં વર્ષો તમારી પાસેથી ઘણું બધું ઝૂંટવી લે છે.

**બીજે ક્યાંક પૃ. 95**

એક આત્મા હોય છે, આપણા શરીરમાં જ ક્યાંક છુપાયેલો અને આપણે એને જિંદગીભર જોઈ શકતા નથી, પછી જ્યારે એ બહાર નીકળે છે ત્યારે એને જોવા માટે આપણે હાજર હોતા નથી.

**બીજે ક્યાંક પૃ. 173**

તમે જ્યારે એક છત નીચે સાથે રહેવા લાગો છો ત્યારે, વર્ષો પછી, એ ક્યાં ચાલ્યો જાય છે?

એ - જે ખોવાઈ જાય છે તે - પ્રેમ.

**પ્રેમ?**

**બીજે ક્યાંક, પૃ. 109**

## હું પૂછું, તમે કહો

**1. તિલક કરતાં ત્રેપન વધ્યાં, જપમાળાનાં નાકાં ગયાં તીરથ ફરી ફરી થાકયા ચર્ણ, તોય ન પહોંચ્યા હરિને શર્ણ' છપ્પાના કવિ કોણ?**

(ક) પ્રેમાનંદ (ખ) દયારામ

(ગ) અખો (ઘ) શ્યામ સાધુ

**2. મોહનદાસ કરમચંદ ગાંધી પણ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂકયા છે, કયા વર્ષમાં?**

(ક) 1936 (ખ) 1926

(ગ) 1943 (ઘ) 1915

**3. 1966માં જયારે સુરતમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું અધિવેશન મળેલું તો ત્યારે તેના પરિષદ પ્રમુખ કોણ હતા?**

**(ક)** જયંત પાઠક (ખ) જ્યોતીન્દ્ર હ. દવે

(ગ) ધનસુખલાલ મહેતા (ઘ) વિષ્ણુપ્રસાદ ત્રિવેદી

**4. અહીં આપેલાં સાહિત્યકારોનાં નામોમાં કોણે ઓલ ઇન્ડિયા રેડિયોમાં નોકરી કરી નથી?**

(ક) વીનેશ અંતાણી (ખ) ચં. ચી. મહેતા

(ગ) બરકત વીરાણી 'બેફામ' (ઘ) શોભિત દેસાઈ

**5. પન્નાલાલ પટેલની 'કંકુ' વાર્તા પરથી બનેલી ફિલ્મનાં ગીતો પણ ગુજરાતનાં જાણીતા કવિએ જ લખેલા. એ કવિ કોણ?**

(ક) વેણીભાઈ પુરોહિત (ખ) હરીન્દ્ર દવે

(ગ) બાલમુકુંદ દવે (ઘ) અનિલ જોશી


**જવાબ**

1. (ગ) અખો 2. (ક)-1936 3. (ખ) જ્યોતીન્દ્ર હ. દવે 4 (ઘ) શોભિત દેસાઈ 5. (ક) વેણીભાઈ પુરોહિત.

# જેમનું ગુજરાતને ગૌરવ છે

ગુજરાતમાં વસીએ છીએ અને ગુજરાતી છીએ તો એવા પ્રશ્નનો ઉત્તર શોધવાનો પ્રયત્ન સતત થતો રહે અથવા થવો જોઈએ કે ગુજરાતનું ગૌરવ શેમાં શેમાં છે અને ક્યા- ક્યા એ ગુજરાતી છે જેણે ગુજરાતને એ ગૌરવ અપાવ્યું. કનૈયાલાલ મુનશી જેને ગુજરાતની અસ્મિતા કહેતા અથવા જેને આપણે ગુજરાતનું સાંસ્કૃતિક ગૌરવ કહીએ તે કેવી કેવી ક્યા ક્યા ક્ષેત્રની પ્રતિભા વડે પ્રગટયું તેની શોધ આપણને સતત રહેવી જોઈએ.

જયનારાયણ વ્યાસ ગુજરાતના જાહેરજીવન વિશે વિચારતાં રહેતા ભૂતપૂર્વ અમલદાર, રાજકારણી અને વિશ્લેષક-દૃષ્ટિ ધરાવતા બૌદ્ધિક છે. ગુજરાત વિશે તેમણે ઘણું વિચાર્યું છે અને અભ્યાસ પણ કર્યો છે. તેમનું એક પુસ્તક છે 'ગૌરવવંતા ગુજરાતીઓ.' આવા પ્રકારનાં પુસ્તક અગાઉ થયાં પણ છે. ડો. જયનારાયણ વ્યાસના પુસ્તકની પૃષ્ઠ સંખ્યા 446 છે અને ગોપી મલિક, મલિક અયાઝ, ભીમજી પારેખથી આરંભી કેડિલા ઝાયડસનાં સ્થાપક રમણભાઈ પટેલ સહિતનાં 38 ગુજરાતીઓને તેમણે આવરી લીધાં છે. આ 38ની યાદીમાં કોણ સમાવાયાં છે ને કોને બાદ રખાયાં છે તેની એક સ્વતંત્ર ચર્ચા, તર્કબધ્ધ ચર્ચા સંભવ છે પણ જે સમાવાયાં છે તેમાં તેમનો દૃષ્ટિવ્યાપ રસપ્રદ અનુભવાશે. આખર તો એ બધા વડે ડો. જયનારાયણ વ્યાસે પોતાની દૃષ્ટિથી ગુજરાતની અસ્મિતા અને સાંસ્કૃતિક ગૌરવ શોધ્યાં છે. વ્યાખ્યાયિત કર્યાં છે. આરંભે તેમણે 'ગુજરાતની વિકાસગાથાની તવારીખ' શીર્ષક હેઠળ જે પ્રવેશક લખ્યો છે તેમાં બહુ જ અભ્યાસદૃષ્ટિભર્યા નિરીક્ષણ વડે ગુજરાતના ઈતિહાસનો ક્રમ સાચવી તેના ગૌરવબિન્દુ તારવતા જઈ આલેખ રચી દીધો છે. આ પુસ્તક ગૌરવવંતાં ગુજરાતીઓ વડે ગુજરાતને ઓળખાવવાનો એક દૃષ્ટિકોણ ધરાવે છે. ગુજરાતની જમીન પર આવવા પહેલાં તેમણે દરિયાખેડુઓનો મહિમા કર્યો છે. એટલે આ પુસ્તકનો આરંભ સુરતના ગોપી મલિકથી થાય છે ને પછી મલિક અયાઝ, ભીમજી પારેખ, શેઠ જગડુશા, વીરજી વોરા, કબી કસ્ટા, રામસિંહ માલમ, કાનજી માલમ ને તેમાં સુમતિબહેન મોરારજી સુધી વિસ્તરે છે. જયનારાયણ વ્યાસે ભૂમિકામાં જ નોંધ્યુ છે કે, 'ખૂબ લાંબો દરિયાકાંઠો ધરાવતું આ રાજ્ય અને એની સાગરેખેડુ સાહસિક પ્રજા દેશ-વિદેશ સાથે વેપાર કરીને અઢળક સંપત્તિ રળતી થઈ. એટલે શરૂઆતના ગુજરાતનો વિકાસ ક્રય-વિક્રય એટલે કે વેપારવાણિજ્યને કારણે થયો.



**પુસ્તકઃ** ગૌરવવંતા ગુજરાતીઓ
**પ્રકાશકઃ** ડો. જયનારાયણ વ્યાસ, સાકેત હાઉસ, 1, પંચશીલ સોસાયટી, ઉસ્માનપુરા, અમદાવાદ- 380013
**કિંમતઃ** રૂા. 450/-

ગુજરાતીઓનું ગૌરવ આલેખવાનું હોય તો સ્વાભાવિક જ રોમહર્ષ જાગે એવી રીતે વ્યક્તિચિત્રો આલેખાય અને તેથી જે તે ગુજરાતીઓનાં ઐતિહાસિક અને સાહસિક યોજનાબધ્ધ કાર્યો અહીં વાંચવા મળે છે.

જે ગુજરાતીઓ અહીં ઈતિહાસદૃષ્ટિથી નોંધાયા છે તેમાં સુરતના ભીમજી પારેખ, વીરજી વોરા, અમદાવાદના શેઠરાવ બહાદુર રણછોડલાલ રેંટિયાવાળા, સર ચિનુભાઈ બેરોનેટ, શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ઉપરાંત શેઠ શાંતિદાસ ઝવેરી, નગરશેઠ ખુશાલચંદ તો છે અને સાથે ગુજરાતમાં દવાઉદ્યોગના પ્રણેતા, કલાભવનના સ્થાપક ત્રિભુવનદાસ ગજ્જર, આદર્શ વહીવટકર્તા અને પ્રજાવત્સલ દીવાન સર પ્રભાશંકર પટ્ટણી, ભગવદ્ગોમંડલના પ્રણેતા મહારાજા ભગવતસિંહજી, હિન્દના દાદાઃ દાદાભાઈ નવરોજી, શેઠ નાનજી કાલિદાસ મહેતા પણ છે. એમ કહી શકાય કે ગુજરાત રાજ્યની સ્થાપના પહેલાંના ગુજરાતમાં જે રજવાડાંઓ હતાં તેમાંના રાજવીકાળની શ્રેષ્ઠતાનોય અહીં મહિમા થયો છે અને અંગ્રેજો આવતાં જે નવી વ્યવસ્થા, નવાં મશીનો આવવાથી ઉદ્યોગ-વ્યવસાયની જે નવી શક્યતાઓ ઊભી થઈ તે ક્યા ગુજરાતીએ કુશળતાપૂર્વક તાગી અને વિસ્તારી તેનું પણ ચરિત્રગાન થયું છે.

પરંતુ ત્રિભુવનદાસ પટેલ અને પછી વર્ગીસ કુરિયને નવી જ દૃષ્ટિ દાખવી ભારતમાં દૂધક્રાંતિ સર્જી હતી. પુસ્તકના લેખકની નજર બધે છે એટલે રાજકીય શક્તિનાં વિવિધ રૂપો જ્યાં શ્રેષ્ઠતા હાંસલ કરી શક્યાં તેવાં ચરિત્રો વિશે પણ ભર્યાભર્યા શબ્દોથી લખ્યું છે અને તેમાં દાદાભાઈ નવરોજી જૂદા છે તો ઈન્દુલાલ યાજ્ઞિક અને કનૈયાલાલ મુનશી જૂદા છે. જયનારાયણ વ્યાસના રાજકારણમાં પ્રવેશ પહેલાં સ્વયં અલબત્ત એવું જરૂર થશે કે પંડિત ઓમકારનાથ ઠાકુર, રવિશંકર રાવળ છે તો નર્મદ કેમ નથી? ડો.એચ.એલ. ત્રિવેદી છે તો વિક્રમ સારાભાઈનો શું વાંક? ગાંધીજી અને સરદાર વિના તો આવા ગ્રંથ અધૂરા જ રહે.


વળી ભાગવત કથાકાર શિરોમણિ પૂજ્ય શ્રી ડોંગરે મહારાજ હાજર છે તો મોરારિ બાપુ પણ હોવા જરૂરી હતા. રામકથાનો તેમણે વ્યાપ વધાર્યો અને સાથે ગુજરાતના જાહેર જીવનમાં સંસ્કૃતિ, સંસ્કાર, સાહિત્ય, શિક્ષણની દૃષ્ટિ વડે વિશિષ્ટ આયોજન કર્યાં છે. ગુજરાત બહાર રહી પ્રદાન કરનારાં ચન્દ્રલેખા, સોનલ માનસીંઘ જેવાને યાદ ન કર્યા હોય ત્યારે તેમાં ટાટા યા સરદાર ચંદુલાલ શાહ, મહેબુબખાન, સંજીવકુમારને યાદ કેમ ન કર્યા એવી ફરિયાદ બાજુ પર રાખીએ તોય આ અંક એવો ગ્રંથ છે, જે ગુજરાત કઈ કઈ રીતે અનેક દિશામાં ઊંચા શિખરની સ્થાપના સાથે વિકસ્યું તેનો સ્મરણીય આલેખ રચે છે. ગ્રંથમાં રહેલી અધૂરપનો સ્વયં ડો. જયનારાયણ વ્યાસને ખ્યાલ છે અને તે માટે એક કરતાં વધુ ગ્રંથ રચાય તેવી અપેક્ષા રાખે છે. જો તમે ગુજરાતી છો તો આ ગ્રંથ જરૂર વસાવજો. તમારામાં રહેલું ગુજરાતી તરીકેનું લોહી લોઢ લોઢ ઉછાળા મારશે. તમારામાં ગુજરાતના વિકાસ વિશેની ઈતિહાસદૃષ્ટિ જગાડશે ને કાલક્ષયતા વચ્ચે તમારી સામે એ ગૌરવંવતાં ગુજરાતીઓ ઊભાં થઈ જશે.

**અક્ષરની આરાધના**
**સંપાદનઃ બકુલ ટેલર**

## દીકરી વર્ષા અડાલજા પૂછે છે

### સાગરકથાઓ વડે ગુણવંતરાય આચાર્યે અપાવેલું ગૌરવ પોંખવામાં ગુજરાત કેમ પાછું પડ્યું!

ગામે તેવી ભીડમાંય નોખા તરી આવે એવા મારા પિતા. ગુણવંતરાય આચાર્ય.



સંસારસાગરનાં ભલભલાં દરિયાઈ તોફાનો અને હાડેહાડ થથરાવી મૂકે એવા ગાજુસમાંય એમણે જીવનનૌકાને જવાંમર્દીથી સાગરખેડુની જેમ વહેતી રાખી. એમાં બેઠેલા છડિયા (મુસાફરો) નેય સાચવીને પાર ઊતાર્યા. જેમને માથે પોચટ પ્રજાનું આળ મુકાય છે એવી ગુજરાતી પ્રજાને એમની મર્દાનગી અને તાકાતનું ભાન થાય એવી તવારીખની તિરાડોમાં છુપાયેલી સાગરકથાઓ અને ઈતિહાસની કથાઓને મરેલાંની કથારૂપે નહીં, પણ પ્રજાનાં ધગધગતા લોહી અને હૈયાના ધબકાર સંભળાતા હોય એ રીતે ગુજરાત સમક્ષ મૂકી ગુજરાતી પ્રજાને તેમના અમૂલ્ય વારસા પ્રત્યે જાગૃત કરી.

યુરોપના દેશો હજુ દરિયાઈ માર્ગો શોધી રહ્યા હતા ત્યારે ગુજરાતે સમુદ્રમંથનની જેમ દરિયો ડહોળી નાંખ્યો હતો એવી સાગરકથાઓ વડે દરિયાઈખેડને એમણે જીવંત કરી. ભારતીય ભાષાઓમાંથી એક માત્ર ગુજરાતી ભાષામાં જ અનેક સાગરકથાઓ, સાગરનવલિકાઓ એમણે આપી.

અફસોસ એ વાતનો છે કે ગુજરાતના વારસાનો ગર્વ લઈ આ કથાઓનો અંગ્રેજી અનુવાદ જો અંગ્રેજી પ્રકાશનગૃહે પ્રગટ કર્યો હોત તો આજે વિશ્વના નકશામાં ગુજરાત સોનેરી અક્ષરે ઝળહળતું હોત.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### ઉપકારનો બદલો અપકાર માણસ જ માત્ર એવુ પ્રાણી છે

જે પ્રદુષણમાં દિન પ્રતિદીન વધારો કરતુ રહે છે. કુદરતે માનવને ખોબે ખોબે વન્ય સૃષ્ટિ, શુધ્ધ વાણી, ખનિજ સંપત્તિ કાલસો, પેટ્રોલિયમ, પ્રાણવાયુ વિગેરે વિગેરે સ્વાર્થી માણસે શું આપ્યું? તેઓ વસુકી ગાયને જ દોરવાનુ બાકી રાખ્યુ છે. દરિયો આખા જગતના પ્રદુષણને સહજે સ્વીકારી માનવજાતને વિના સંકોચે જાણે ભામાશા હોય કે કુબેર ભંડારી તેઓએ કદી માનવ પારો અપેક્ષા રાખી નથી. આજે જો શુધ્ધ પાણી બાસ્પીભવન દ્વારા આપી અધ્વિતીય ઉપકાર કરે છે તેની સામે માણસોએ શહેરોનું પ્રદુષિત પાણી ઠાલવી રહ્યો છે. મીલોના કેમીકલ યુક્ત પાણીથી પ્રદુષિત કરી રહ્યો છે છતા કદીએ ફરિયાદ કરી નથી.

**અડાજણ - અનિલ શાહ**

### આ દેશમાં ગરીબ પગાર માંગે એ ગુનો!

સત્ય ઘટના આધારિત, અત્રે નામ બદલી કટાક્ષ લેખમાં કાલ્પનિક પાત્ર રાખ્યું છે! ખેર, ભારતમાં મોંઘવારીના બે ભાવ છે સાહેબ. એક ભાવ શ્રીમંત માટે, બીજો ભાવ ગરીબ માટે!સુરતમાં મોંઘવારીનો તાવ ચડ્યો છે. ટામેટા 100, ગેસ 900, દૂધ 70. પણ સૌથી મોંઘો પદાર્થ? માણસની મહેનત! ખેર, ગરીબ કામવાળી બાઈ રમાબહેન 8 વર્ષથી ઘરકામ કરે. પગાર 4000. મોંઘવારી જોઈને હાથ જોડીને કહ્યું "બહેન, 500 વધારી આપો!" શેઠાણીનો પારો સાતમા આસમાને ચઢી ગયો. "ન ફાવે તો જા."! બીજે દિવસે એ જ શેઠાણી પાર્લરે 2500નો હેરસ્પા, દીકરી માટે 3500નો ડ્રેસ, Zomato પર 1200નું ડિનર. સ્ટેટસઃ "Self love "! કમાલ છે! રમાબહેનના 500 એ "ખર્ચો વધી ગયો". પણ પાર્લર-મોલ એ "લાઈફસ્ટાઈલ"! આ દેશમાં ગરીબ પગાર માંગે એ ગુનો! શ્રીમંત પૈસા ઉડાડે એ ટ્રેન્ડ! કામવાળી બાઈના 500થી શેઠાણીનું EMI નહીં તૂટે, પણ એના છોકરાની નોટ-પેન તો આવી જાય! કાયદો કહે છે લઘુત્તમ વેતન આપો. માણસાઈ કહે છે કે, શકય એટલી વધુ મદદ કરો, કિન્તુ અહંકાર કહે છે કે, "બીજી આવી જશે"! હા જી,જરૂરથી આવી જશે. પણ તેણી યુવતીના ઘરનો ચૂલો કોણ સળગાવશે? 500 વધારવા એ ખોટો કે, નકામો ખર્ચો નથી પરંતુ માણસાઈમાં રોકાણ છે. મોંઘવારી બધા માટે છે, તો રહેમ પણ બધા માટે હોવી જોઈએ!

**સુરત - સુનીલ રાજેન્દ્ર બર્મન**

### અશાંત અરુણાચલ

આપણે સુરતીઓ આમલીરાન હોય કે અડાજણ ભાગ્યેજ એ વિશે ની ચર્ચા કે વિવાદ માં પડતા હોઈએ છીએ, ત્યારે હજારો માઈલ દૂર આવેલા ઈશાન ભારત ના એક નાનકડા રાજ્ય વિશે જાણવાની જીજ્ઞાસા ઓછી હોય એ સ્વભાવિક વાત છે. પરંતુ સીમાવર્તીત આ રાજ્ય પર ચીનનો દાવો કે ચીનની ઘુસણખોરી ના સમાચાર અચાનક જ આપણા કાન ઉંચા કરી દે છે. પરંતુ અત્યારે વાત કરવાની છે જે તે રાજ્ય ની આંતરિક વ્યવસ્થાની. ટીવી ચેનલ અને ઈન્ટરનેટ દ્વારા જાણવા મળ્યુ કે એ રાજ્ય માં પંદર ધાર્મિક સ્થાનો અવૈધ સ્વરૂપે બાંધવા માં આવેલા એ વિવાદિત ધાર્મિક સ્થાનો સરકારે શીલ કરી દીધા છે. એ પંદર માં ના ત્રણ ખાનગી માલિકી ની જમીન પર હોવાને કારણે સરકારી કાર્યવાહી માં થોડુક મોડુ થયુ હતુ. પરંતુ એ પણ અંતે તો શીલ કરી દેવામાં આવ્યા છે. આટલા સખ્ત બંદોબસ્ત છતા સ્થાનિક સંગઠને બંધ માટે આગ્રહ રાખતા સરકાર ને "કાયદાકીય એલાન" કરવુ પડેલુ. અહિં પ્રશ્ન એ ઉભો થાય છે કે શુ આંદોલન થાય પછી જ સરકાર સક્રિય થાય છે? માત્ર ત્રણ જ સ્થાનકો ખાનગી જમીન પર ના હતા, વળી ચીન જેવા ખંધા પડોશી મુલ્ક ને અડી ને આવેલા આપણા સરહદી રાજ્ય વિશે આંખ - કાન ખૂલ્લા ના રાખવા જોઈએ? અસ્તુ

**સુરત - ચેતન સુશીલ જોષી**

### દાતણનું દંત સંભાળમાં મહત્વ

સદીઓથી ગુજરાતી પરિવારોમાં મૌખિક સ્વચ્છતા માટે દાતણ એ મુખ્ય આધાર રહ્યો છે. તેના ફાયદા માત્ર દાંત સાફ કરવા પૂરતા સીમિત નથીઃ લીમડો અને બાવળ જેવા દાતણમાં કુદરતી રીતે જ એવા જૈવિક તત્વો અને તેલ હોય છે જે એન્ટીસેપ્ટિક તરીકે કામ કરે છે. દાતણ ચાવતી વખતે નીકળતો તેનો રસ મોંના હાનિકારક બેક્ટેરિયાનો નાશ કરે છે, સડો અટકાવે છે અને મોંની દુર્ગંધ દૂર કરે છે. દાતણના છેડાને ચાવીને જ્યારે કૂચો (બ્રશ) બનાવવામાં આવે છે, ત્યારે તે ચાવવાની પ્રક્રિયા જડબા માટે એક કુદરતી કસરત બની જાય છે. તેનાથી પેઢામાં લોહીનું પરિભ્રમણ સુધરે છે અને દાંતના મૂળ મજબૂત થાય છે. દાતણના ઝીણા રેસાઓ દાંતના ઉપરના રક્ષણાત્મક પડને નુકસાન પહોંચાડ્યા વિના પ્લેક અને ફસાયેલા અન્નના કણોને નરમાશથી સાફ કરે છે. આજના આધુનિક ટૂથપેસ્ટમાં આવતા આર્ટિફિશિયલ સ્વીટનર્સ, માઈક્રોપ્લાસ્ટિક કે સલ્ફેટ જેવા કેમિકલ્સથી દાતણ તદ્દન મુક્ત અને સો ટકા કુદરતી હોય છે. આધુનિક સ્વચ્છતાની સાથે અઠવાડિયામાં એક કે બે વાર કુદરતી દાતણનો ઉપયોગ કરવાની જૂની પરંપરાને અપનાવવાથી દાંતના સ્વાસ્થ્યને લાંબા સમય સુધી શ્રેષ્ઠ રાખી શકાય છે.

**સુરત - નેહા સિંગાપુરી**

### અધિકારીઓની લાંચખોરી અને જનતાની વ્યથા

લાંચ લઈને નહીં પકડાતા અધિકારીઓની સંખ્યા ખૂબ જ મોટી હશે એવી ધારણા છે. આવા લાંચિયા અધિકારીઓને પરિણામે રાષ્ટ્રની ઈમેજ તો બગડે જ છે સાથે સાથે રાષ્ટ્રના વિકાસને પણ બ્રેક લાગે છે કારણ કે લાંચખોરી એ વિકાસના માર્ગમાં અવરોધ પેદા કરે છે. પ્રજાને નિયમો બતાવીને કોઈપણ કામને ટલ્લે ચડાવવામાં આવે છે, પરંતુ જો ટેબલ નીચેનો વહીવટ કરવામાં આવે તો નિયમોની ઐસી કી તૈસી એ જ અધિકારીઓ કરતા હોય છે. જેમની કોઈ ઓળખાણ નહીં હોય તેવા ગરીબોને ધક્કા ખવડાવીને આવા અધિકારીઓ એમની આંખોમાં દુઃખના આંસુ લાવી દે છે. દેશના નાગરિકને પોતાના અધિકારના કામ માટે પણ લાંચ આપવી પડે એ શરમની વાત છે. મોંઘવારીમાં પીસાતા ગરીબ અને સામાન્ય માણસ માટે લાંચ આપીને પોતાનું સાચું કામ પણ કરાવવું શક્ય નથી હોતું. જો કાયદાનો કડક અમલ કરવામાં આવે તો જ લાંચખોરી પર અંકુશ આવી શકે છે. કર્મચારીઓ જ્યારે પોતાને મળેલ પદનો ઉપયોગ જન સેવા કરવાને બદલે પદનો દુરુપયોગ કરે છે ત્યારે ખરેખર ખૂબ જ દુઃખ થાય છે. લાંચખોરી એ દેશના વિકાસનો સૌથી મોટો દુશ્મન છે. આપણા ભારત દેશના વિકાસ માટે અને વિશ્વમાં આપણા દેશની છબી ઉજળી દેખાય તે માટે પ્રમાણિક અને જવાબદાર વહીવટીતંત્રની આવશ્યકતા છે. અધિકારીઓ જ્યારે પોતાને મળેલી સત્તાને કમાણીનું સાધન માને છે ત્યારે પ્રજાને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એવી દલીલ કરવામાં આવે છે કે નાગરિકોએ લાંચ આપવાનો ઈન્કાર કરવો જોઈએ પરંતુ સત્તા આગળ શાણપણ વ્યર્થ બની જાય છે.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

### ટેક્સટાઈલ ઉદ્યોગને બચાવવા કાર્યવાહી કરે તે જરૂરી

વર્તમાન સમયના સમાચાર મુજબ દેશમાં વિકાસ મંદ પડશે અને મોંઘવારી અતિશય વધી જશે. હાલ કોઈપણ ધંધામાં તેજી નથી, દરેક ધંધા મંદા ચાલે છે. તેમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાં તકલીફ વધુ છે. યાર્નના વધેલા ભાવ છતા તૈયાર કપડાના પોષણ ભાવ મળતા નથી. ભાવ ના મળતા વિવર્સોને ખોટમાં અને લાંબી ઉધારીમાં માલ વેચવા પડે છે. જો આમ જ ચાલશે તો ટેક્સ્ટાઈલ ઉદ્યોગનો મુત્યુઘંટ વાગી જશે. ખેતીવાડી પછીનો સૌથી વધુ રોજગાર આપનારો ધંધો ટેક્સટાઈલ ઉદ્યોગ છે. જો સરકાર આ ઉદ્યોગને બચાવવા યોગ્ય માર્ગદર્શન કે મદદ નહીં કરે તો ખોટમાં ચાલતો આ ઉદ્યોગ ટૂંક સમયમાં જ બંધ કરવો પડે તેવી નોબત આવી શકે છે અને ત્યારે લાખો કામદારો બેરોજગાર થાય તેવો પ્રશ્ન ઊભો થાય એમ છે. સરકાર સમયસર યોગ્ય પગલા લઈ ટેક્સટાઈલ ઉદ્યોગને બચાવવા કાર્યવાહી કરે તે જરૂરી છે.


**સુરત - વિજય તુઈવાલા**

# આપણા પ્રાચીન ધર્મો જાણશો તો ન્યાલ થશો

***નરોત્તમ પલાણની ઇતિહાસદૃષ્ટિ, પુરાતત્ત્વવેત્તા અને સંશોધકવૃત્તિની નીપજ સમું પુસ્તક***

દરેકે દરેક વ્યકિતમાં ઓછું વધતું ધર્મજ્ઞાન હોય છે. કોઇનું ધર્મજ્ઞાન પૂર્ણ ન હોઈ શકે અને મનુષ્ય રહેશે ત્યાં સુધી ધર્મ વિશેની શોચ પણ થયા કરશે. દરેક ધર્મચિંતન કરનારાના મનમાં એવો પણ પ્રશ્ન જાગતો રહેતો હોય છે કે હજારો વર્ષ પહેલાં કેવા કેવા ધર્મો હતા? એ ધર્મો કેવી રીતે સ્થપાયા હશે. તે સમયનાં લોકોને કેવા સંજોગોમાં ધર્મ સ્થાપનાની જરૂર પડી હશે અથવા જે ધર્મ હતો તેમાં કેવા પરિવર્તનની જરૂર પડી હશે.

નરોત્તમ પલાણનું એક પુસ્તક છે. 'આપણા પ્રાચીન ધર્મો'. નરોત્તમ પલાણ પોતે ઈતિહાસકાર, પુરાતત્ત્વવેતા છે અને તેમણે સૌરાષ્ટ્રનાં અનેક સ્થળો ઘૂમી જે સંશોધનો કર્યાં છે તેણે ગુજરાતનાં લોકોમાં સંસ્કૃતિભાવનાનું પોષણ કર્યું છે. આપણા પ્રાચીન ધર્મો પુસ્તક પણ તેમની ઈતિહાસદૃષ્ટિ અને પુરાતત્ત્વવેતા તરીકેની ખોજ વડે વાચનરસ જગાડનારું બન્યું છે. કુલ 11 પ્રકરણોમાં વિભાજીત આ પુસ્તક સૌર સંપ્રદાય, શૈવ સંપ્રદાય, શાકત સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, જૈન સંપ્રદાય, શ્રમણ સંપ્રદાય, નાથ સંપ્રદાય વિશે વાત કરે છે. આરંભનાં બે પ્રકરણોમાં એક 'ધર્મઃ વિદુરજીનું તીર્થાટન'માં દુર્યોધને વિદુરજીનું અપમાન કરતાં જે તીર્થાટન કર્યું એવું શ્રીમદ્ ભાગવતમાં વર્ણન છે તે નિમિત્તે દેશમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ સાથે શાકત અને સૂર્યસંબંધી



**પુસ્તકઃ** આપણા પ્રાચીન ધર્મો
**લેખક :** નરોત્તમ પલાણ
**પ્રકાશક :** પ્રવીણ પ્રકાશન પ્રા. લિ., લાભ ચેમ્બર્સ, મ્યુ.કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ-360001, પૃષ્ઠ સંખ્યા 176
**કિંમત** રૂ. 200/-

ધર્મઉપાસનાઓ અતિ પ્રાચીનકાળથી પ્રચલિત છે. એવી સ્થાપના કરે છે. આ લેખ વાચકને સમૃધ્ધ કરશે. નરોત્તમ પલાણ આજીવન વિસ્મયવૃત્તિ સંશોધક રહ્યા છે. એટલે જ્યારે લખે ત્યારે વાચકમાં વિસ્મયવૃત્તિ જગાડે. બીજા લેખમાંય તેની પ્રતીતિ થશે. તેમાં તેઓ જગતભરનું હાલ હયાત પ્રાચીનતમ મંદિર સૌરાષ્ટ્રના જામનગર જિલ્લાના ગોપ ગામે છે એવું નોંધે છે. એ લેખ આમ તો અનેક ધર્મોની પ્રવૃત્તિ વડે સૌરાષ્ટ્રમાં ભાતીગળ સંસ્કૃતિનું નિર્માણ થયું છે એ વાત વિગતે વર્ણવે છે.

પુસ્તક 176 પૃષ્ઠનું જ છે અને એવી રીતે લખાયું છે કે તમે ધર્મજ્ઞાનસમૃધ્ધ થશો. નરોત્તમ પલાણ છે એટલે સંશોધનથી નીપજેલા ને વળી ચમકાવી દે તેવાં ઘણાં નિરીક્ષણોથી મનને સભર કરશે. સૌરાષ્ટ્ર જેવું પ્રદેશનામ સૌર રાષ્ટ્રમાંથી આવ્યાનું તેમનું અનુમાન છે. તેઓ જ્યારે લખે કે મનુષ્યની માફક દેવતાઓની પણ ચડતીપડતી આવે છે ત્યારે આપણને મઝા પડે. પણ તેઓ તરત ગંભીર કરશે. તત્ત્વદર્શનના ઈતિહાસમાં મનુષ્ય સતત વિસકતો રહ્યો છે. ઉત્થાન પામતી ઈન્દ્રિયોને મનુષ્યે ગૂઢ માની અને દેવતાનું સ્થાન આપ્યું! (આગળનું છે તે તો પુસ્તકમાં છે, વાંચવું પડશે.)


અહીં કોઇ સમીક્ષા નથી પણ આ એક વાંચવા સમું પુસ્તક છે કારણ કે તેમાં મબલખ સામગ્રી છે. જે લખે તેમાં નરોત્તમ પલાણને કાંઈક કહેવાનું હોય અને તે તમારા ધર્મજ્ઞાન, ઈતિહાસ અને પુરાતત્ત્વવિષયક જ્ઞાનને સમૃધ્ધ કરશે. આવાં પુસ્તકો બહુ ઓછાં લખાય છે. કારણ કે નરોત્તમ પલાણ પણ ઓછા છે.

# સુભાષબાબુ હોત તો નહેરુ વડા પ્રધાન બની શક્યા હોત?

વચ્ચે એક લાંબો સમય વીતે અને તે દરમિયાન બીજા જ નેતાઓની અને રાજકારણની ચર્ચા પથરાઈ જાય તો લાંબા સમય પહેલાંના નેતાઓ વિશે જાત-ભાતની સાચી-ખોટી કથાઓ, જાણીતાથી વધુ અજાણ્યાં લોકો વડે ફેલાવી શરૂ થાય. હમણાં ગાંધીજી, નહેરુ વિશે આવું જ બધું ચાલી રહ્યું છે ને જે ઓછું જાણે છે તે વધુ જાણતા હોવાના ખ્યાલ સાથે જોરમાં બોલે છે. ગાંધી અને નહેરુને વિચાર, નિર્ણય અને ઘટનાક્રમનાં ખોટા ક્ષેત્ર પકડી ત્યાં ઊભા રાખી પ્રશ્નો કરાય છે.

આઝાદી પછીના સમયમાં નહેરુએ જરૂર કેટલીક રમતો કરી છે. તેમને સરદાર પટેલની પ્રતિભા અને પ્રભાવ મંજૂર નહોતી તેવું તો કહેવાય ગયું પણ સુભાષચન્દ્ર બોઝ વિશે શું? આઝાદીની લડાઇ તેમણે પણ લડી હતી. ગાંધીપ્રભાવમાં એ રીત ખોટી લાગીય શકે પણ આઝાદ હિન્દ ફોજની કલ્પના તેમણે સાકાર કરી હતી. બ્રિટિશ સરકાર આ ફોજથી ગભરાયેલી પણ ખરી. આઝાદી મળી ગઇ એટલે બોઝને ભૂલી જવાયા અને નહેરુએ તેમના પર કોઇ ફોક્સ થવા ન દીધું.

સ્વતંત્રતા આંદોલન વિશે આપણે જો વધારે વિચારીએ તો ખ્યાલ આવશે કે નહેરુ કરતાં સુભાષબાબુનું પ્રદાન મોટું અને આગવું હતું. બોઝને કોઇ દેશના પ્રથમ વડા પ્રધાન તરીકે નહિ



**પુસ્તક :** નહેરુ બનામ સુભાષ,
**લેખકઃ** રુદ્રાંક્ષુ મુખરજી,
**પ્રકાશક :** પ્રભાત પ્રકાશન પ્રા. લિ. નવી દિલ્હી.
**મૂલ્ય :** રૂા. 400/-

વિચારે પણ નહેરુની જેમ તેઓ પણ કેમ્બ્રિજમાં ભણ્યા છે અને નહેરુ કરતાં વ્યાવહારિક સંપર્ક સાથેની વૈશ્વિક દૃષ્ટિ હતી. જાપાનીઓ સાથે મળી તેમણે ભારતને સ્વતંત્ર કરાવવું હતું. તેમ તો હિટલર સાથે પણ આ બાબતે જોડાણની ઈચ્છા હતી. ગાંધીજી અને નહેરુ ફાસીવાદના વિરોધી હતા એટલે સુભાષબાબુને મંજૂર ન રાખે.

રુદ્રાંક્ષુ મુખરજી એક પુસ્તક છે નહેરુ બનામ સુભાષ. તેઓ અશોકા યુનિ. ના કુલપતિ અને ઈતિહાસના પ્રોફેસર છે. પૂરા અધ્યયન બાદ આ પુસ્તક પ્રગટ કર્યું છે. 1939માં સુભાષબાબુએ નહેરુજી વિશે કહેલું કે જવાહરલાલથી વધારે કોઇએ મારું

નુકસાન નથી કર્યું. અલબત્ત એક સમયે તે બંને વચ્ચે સાવ વિરોધ નહોતો પણ 1940 પછી તો સાવ સામા છેડે હતા. પણ નેહરુને લાભ એ થયો કે બીજા વિશ્વયુધ્ધમાં જાપાનની હાર પછી નેતાજી રશિયા પાસે મદદ લેવાના નિર્ણયમાં હતા. બન્યું એવું કે 1945માં તેમનું વિમાન લાપત્તા થઇ ગયું અને પછી કોઇ ભાળ ન મળી.

આ પુસ્તક નહેરુ-સુભાષ સંબંધને નાની નાની વિગતો સાથે તપાસે છે. એ વાત તો પાકી કે સુભાષ જીવતા હોત તો નહેરુના વડા પ્રધાન બનવા વિશે કોણ વધુ શક્તિશાળી એવી દલીલ સાથે વિવાદ તો થાત. ગાંધીજીએ પણ મૂંઝવણનો સામનો કરવો તો પડ્યો હોત. રુદ્રાંક્ષુ મુખરજીએ અનેક પુસ્તકોના અને ઘટનાક્રમોના સંદર્ભ સાથે બહુ રસપ્રદ પુસ્તક લખ્યું છે. સ્વતંત્રતા આંદોલનને સમજવા માટે અને તેમાં નહેરુ-સુભાષની ભૂમિકા સમજવા આ પુસ્તક આગવા નિરીક્ષણથી વાચનક્ષમ બને છે.